# BUSINESS મિત્ર

### સેન્સેક્સ 171 અને નિફ્ટી 32 પોઈન્ટ ઘટીને બંધ: રોકાણકારોના રૂ. 1.13 લાખ કરોડ ડુબી ગયા

# ઓઈલ-યીલ્ડના ટેન્શને માર્કેટનો નફો ધોઈ નાખ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા જતા સંઘર્ષમાં બજારનો સમગ્ર નફો ગાયબ થઇ ગયો હતો. જેમાં ટાટા સ્ટીલ અને એચસીએલ ટેકનો પણ શેરબજારને ટકાવવામાં સફળ રહી શક્યા નહતા. સેન્સેક્સ દિવસની ઉંચી સપાટીથી 588 પોઈન્ટ લપસ્યો હતો, ત્યારબાદ નિફ્ટીએ 24300ની સપાટી પાર કર્યા બાદ ઘટ્યા હતા અને છેલ્લે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

આજે મેટલ અને આઈટી શેરો બજારને પોઝિટિવ રાખવામાં પ્રયાસ કરી રહ્યા હતા, પણ છેલ્લે સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આઈટી અને મેટલ ઈન્ડેક્સ વધ્યો હતો, પણ બેન્કીગ શેરોનું દબાણ ભારે પડ્યું હતું. આમ, બજારમાં સેકટર વાઇઝ મિશ્ર વલણના પગલે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 1.13 લાખ કરોડથી વધુનો ઘટ્યો હતો.

બીએસઈ સેન્સેક્સમાં 171.72 પોઈન્ટ એટલે કે 0.22 ટકા ઘટીને 77369.11 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 77789 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 77201 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 32.95 પોઈન્ટ એટલે કે 0.14 ટકા ઘટીને 24219.05 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24313 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 24144 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 236 પોઈન્ટ એટલે કે 0.41 ટકા ઘટીને 57525.95 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં 22.82 ગણા, એલ ટી ફુડસમાં 7.35 ગણા, જ્યુબીલન્ટ ફાર્મોવામાં 7.23 ગણા, વિશાલ મેગા માર્ટમાં 5.7 ગણા અને હેક્ષાવેર ટેકનોમાં 5.32 ગણા કામકાજ નોંધાયા છે.

એનએસઇ ખાતે એલટી ફુડસમાં 91.72 ગણા, આઈડીબીઆઈ બેન્કમાં 19.36 ગમા, વિશાલ મેગા માર્ટમાં 14.66 ગણા, હેક્ષાવેર ટેકનોમાં 13.29 ગણા અને બીએલએસ ઈન્ટરનેશનલમાં 10.98 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ સપાટ રહ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.01 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.17 ટકા ઘટ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઈ ખાતે 2041 શેરો ઉછળ્યા હતા, જ્યારે 2393 શેરો ઘટ્યા હતા અને 254 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 0.93 ટકા ઘટ્યા હતા. જેમાં બેન્ક ઓફ બરોડા, સ્ટેટ બેન્ક, બેન્ક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેન્ક, પીએનબી, પંજાબ એન્ડ સિંધ બેન્ક, યુનિયન બેન્ક અને સેન્ટ્રલ બેન્ક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ-ઈરાન આર્થિક ધમકીઓમાં નાટકીય વધારો હોવાથી ક્રુડ ઓઈલ પર જોખમ વધ્યું છે અને ભાવ વધારો થવાની દહેશત સેવાઇ રહી છે. જાપાન, ફ્રાન્સ અને જર્મનીમાં બોન્ડ યીલ્ડ મલ્ટીયર હાઈ પર પહોંચી ગઈ છે, જ્યારે યુએસ લાંબા ગાળાની ઉપજ પણ એલિવેટેડ રહી છે. ટ્રેઝરી સેક્રેટરી બેસેન્ટના લાંબા સયમના સરકારી દેવાના આયિજત બાયબેકનું કદ ઓછામાં ઓછું બમણું કરવાના નિર્ણયથી 2 અબજ ડોલરથી ઓપરેશન દીઠ 4 અબજ ડોલર કરવાના નિર્ણયથી બોન્ડ માર્કેટને રાહત મળી હતી. જોકે, રોકાણકારો ફુગાવા, સરકારી ઉધાર અને વ્યાપાર નાણાકીય દ્રષ્ટિકોણ વિશે ચિંતિત હોવાથી ટ્રેઝરી યીલ્ડમાં વધારો થયો હતો. જેમાં યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતુ, જ્યારે એશિયન બજારો નરમાઈ જોવા મળી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.05 ટકા અને ડેક્સ 0.02 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.07 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.72 ટકા, સ્ટ્રેઈટસ 0.15 ટકા, હેંગસેંગ 2 ટકા, તાઈવાન 1.03 ટકા, કોસ્પી 3.23 ટકા, જકાર્તા 0.37 ટકા અને શાંઘાઈ 0.60 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયામાં નજીવો ઘટાડો

કરન્સી બજારમાં રૂપિયો થોડો ઘટ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 2 પૈસા ઘટીને 95.74ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.72ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.33, પાઉન્ડ 131.16, કેનેડિયન ડોલર 69.38, ઓસ્ટ્રેલિયન ડોલર 68.93, જાપાનીઝ યેન 0.6016 અને સીંગાપોર ડોલર 75.39ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.74 રૂ. |
| યુરો | 111.33 રૂ. |
| પાઉન્ડ | 131.16 રૂ. |
| યેન | 0.6019 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -171,72 | 77369.11 |
| નિફ્ટી | -32.95 | 24219.05 |
| બેન્ક નિફ્ટી | -236.00 | 57525.95 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.57 | 1397.00 |
| હિન્દાલ્કો | 2.37 | 1058.50 |
| ટાટા સ્ટીલ | 1.80 | 186.30 |
| એચસીએલ ટેક્નો | 1.50 | 1322.00 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.30 | 1190.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ લાઇફ | 1.73 | 1761.80 |
| બજાજ ફાઇનાન્સ | 1.64 | 1077.00 |
| અદાણી પોર્ટસ | 1.64 | 1672.10 |
| બજાજ ફિનસર્વ | 1.52 | 2001.70 |
| બીઇએલ | 1.21 | 409.00 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 1.86 | 186.00 |
| એચસીએલ ટેક્નો | 1.30 | 1321.00 |
| ઇન્ફોસીસ | 0.89 | 1130.00 |
| એચયુએલ | 0.50 | 2027.00 |
| સન ફાર્મા | 0.47 | 1909.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 1.30 | 1675.00 |
| બીઇએલ | 1.27 | 408.25 |
| બજાજ ફાઇ. | 1.26 | 1079.40 |
| બજાજ ફિનસર્વ | 1.22 | 2004.00 |
| ટ્રેન્ટ | 0.87 | 2897.00 |

# ટાટા સન્સના નવા અધ્યક્ષ માટે 17 સપ્ટેમ્બરે મળનારી બેઠક પર નજર

**આ બેઠકમાં** ચંદ્રશેખરના રાજીનામાં ઉપરાંત નવા બોસની જાહેરાત થઇ શકે

મુંબઈ, તા. 24: ટાટા ગ્રુપની મુખ્ય હોલ્ડીંગ કંપની ટાટા સન્સની બોર્ડ મીટીંગ 17 સપ્ટેમ્બરના રોજ યોજાવા જઇ રહી છે. સુત્રો દ્વારા જાણવા મળતી માહિતી અનુસાર ચેરમેન એન. ચંદ્રશેખર ત્રીજી ટર્મમાંથી ખસી જવું એ સીધુ સત્તાવાર એજન્ડામાં નથી, પરંતુ આ બેઠકમાં તેના પર ચર્ચા થવાની સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે, 12 ઓગસ્ટે ચંદ્રશેખરે જાહેરાત કરી હતી કે તેઓ ત્રીજી ટર્મ નહીં લડે. ત્યારબાદથી ટાટા ગ્રુપના પાવર કોરિડોરમાં હલચલ મચી ગઈ છે. આ બેઠકમાં ટાટા સન્સની નિયમિત ત્રિમાસિક બોર્ડ બેઠક છે, પરંતુ 18 ઓગસ્ટે કોરમના અભાવને કારણે ટાટા સન્સની એજીએમની નવી તારીખ પર પણ ચર્ચા કરવામાં આવશે. તે હજુ સ્પષ્ટ નથી થયું કે કોઇ દિગ્દર્શક ચંદ્રશેખરને પોતાનો નિર્ણય બદલવા માટે ઔપચારિક વિનંતી કરશે કે નહીં. જો ચંદ્રશેખરના નિર્ણય પર પુનઃવિચારણા કરવાની દરખાસ્ત આવે છે, તો તે બોર્ડના મુખ્ય હિસ્સેદારની અસરની વાસ્તવિક કટોકટી થશે.

ટાટા સન્સના બોર્ડના બે મોટા નામોએ ચંદ્રશેખરની ત્રીજી ટર્મ પર સંપુર્ણપણે અલગ વલણ અપનાવ્યું છે. ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાએ ગ્રુપની કેટલીક કંપનીઓમાં નુકશાન અને મુડી ફાળવણી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ચંદ્રશેખરને ટાટા સન્સની લિસ્ટીંગ અંગેની પરિસ્થિતિ સ્પષ્ટ કરવા પણ કહ્યું હતું. બીજી તરફ, ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી અને ટાટા સન્સના નોન એક્ઝિક્યુટીવ ડિરેકટર વેણુ શ્રીનિવાસન ચંદ્રશેખરને વધુ એક ટર્મ આપવાની તરફેણમાં રહ્યા છે.

ટાટા સન્સના નિયમો અનુસાર, ચેરમેનની નિમણુક અથવા ફરીથી નિમણુક માટે ટાટા ટ્રસ્ટ દ્વારા નામાંકિત મોટા ભાગના ડિરેકટર્સના સમર્થનની જરૂર છે. બીજી તરફ, નવા અધ્યક્ષની પસંદગીની પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. જોકે, બે મુખ્ય ટ્રસ્ટોએ સંયુક્ત રીતે નિર્ણય લેવાનો હોવાથી કાર્યવાહીમાં વિલંબ થઇ રહ્યો છે.

# 10 વર્ષમાં UPI 13,000 ગણું દોડયું

**નાણાકીય** વર્ષ 2016-17માં યુપીઆઇની શરૂઆત થઇ, UPIથી વ્યવહારો 314 લાખ કરોડે પહોંચ્યા

નવી દિલ્હી, તા. 24: ભારતમાં યુપીઆઈનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. લોકો હવે નાના-મોટી ચુકવણી કરવા માટે યુપીઆઈનો ઉપયોગ કરી રહ્યા છે. તેજ સમયે યુપીઆઈને ભારતમાં 10 વર્ષ પુરા થયા છે, 25 ઓગસ્ટ, 2016ના રોજ શરૂ થયેલી યુપીઆઈને હવે 10 વર્ષ પુર્ણ થઈ રહ્યા છે, આ વર્ષોમાં તેનો ઉપયોગ જબરદસ્ત વધ્યો છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, વર્ષ 2016-17માં યુપીઆઈનું વાર્ષિક ટ્રાન્ઝેકશન વોલ્યુમ માત્ર 1.78 કરોડ હતું. વર્ષ 2025-26માં આ આંકડો વધીને 24162 કરોડથી વધુ થઈ ગયો છે. એટલે કે લગભગ એક દાયકામાં યુપીઆઈ ટ્રાન્ઝેકશનની સંખ્યામાં લગભગ 13000 ગણો વધારો થયો છે. યુપીઆઈની સફળતા માત્ર લેવડદેવડની સંખ્યામાં જ દેખાતી નથી, પરંતુ તેમાંથી મોકલવામાં આવેલા પૈસાની રકમમાં પણ મોટો ફેરફાર થયો છે. વર્ષ 2016-17માં યુપીઆઈ દ્વારા લગભગ 0.07 લાખ કરોડ રૂપિયાની લેવડદેવડ કરવામાં આવી હતી. તેજ સમયે, 2025-26માં આ આંકડો વધીને લગભગ 314 લાખ કરોડ થઈ ગયો છે, એટલે કે 10 વર્ષમાં યુપીઆઈ દ્વારા વ્યવહારોની કુમ રકમ 4 હજાર ગણાથી વધુ વધી છે.

# એસઆઈપી રોકાણકારોની પ્રથમ પસંદગી સ્મોલકેપ ફંડસ

**એસઆઇપીમાં** રોકાણ રૂ. 1.83 લાખ કરોડ સુધી પહોંચ્યું

નવી દિલ્હી, તા. 24: એસઆઈપી અને રોકાણ દ્વારા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરનારા લોકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. એમ્ફી-ક્રીસીલ ફેક્ટ બુક 2025-26 અનુસાર માર્ચ 2026 સુધીમાં સ્મોલકેપ ફંડસમાં એસઆઈપી એયુએમ કુલ કેટેગરી એસેટસ લગભગ 55 ટકા હતી. માર્ચ 2021 આ એસઆઈપી રૂ. 35489 કરોડ હતી, જે માર્ચ 2026માં વધીને રૂ. 1.83 લાખ કરોડ થઈ ગઈ છે. એટલે કે પાંચ વર્ષમાં લગભગ 5 ગણો વધારો થયો છે. સ્મોલકેપ ફંડસમાં રોકાણનું વલણ દર વર્ષે મજબૂત બન્યું છે. નાણાકીય વર્ષ 2022માં, આ ભંડોળનો ચોખ્ખો પ્રવાહ 0.1 લાખ કરોડ રૂપિયા હતો. નાણાકીય વર્ષ 2023માં તે વધીને 0.2 લાખ કરોડ રૂપિયા અને નાણાકીય વર્ષ 2024 અને 2025માં 0.4 લાખ કરોડ થઈ ગઈ છે. નાણાકીય વર્ષ 2026માં સ્મોલકેપ ફંડસમાં 0.5 લાખ કરોડ રૂપિયાનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો હતો. માત્ર સ્મોલકેપ જ નહીં પરંતુ ઈએલએસએમ, લાર્જકેપ, લાર્જ એન્ડ મિડકેપ તથા મિડકેપ ફંડસમાં પણ એસઆઈપીનો હિસ્સો સતત વધ્યો છે. આ કેટેગરીમાં એસઆઈપી એયુએમ કુલ અસ્કયામતોના લગભગ 40થી 50 ટકા સુધી પહોંચી ગઈ છે. આ બતાવે છે કે વિવિધ માર્કેટ કેપ્સમાં રોકાણ કરવા માટે એસઆઈપી એક મહત્વપુર્ણ ભાગ બની રહ્યું છે.

# FSSAIએ ખાદ્ય અને પીણા કંપનીઓને 150થી વધુ નોટિસ ફટકારી

**નેસ્લે**, પેપ્સિકો, કેએફસી, ડોમિનોઝ, મેક્નોનાલ્ડ્સ સહિતની બ્રાન્ડ્સ તપાસ હેઠળ એમેઝોન વેરહાઉસનું લાઇસન્સ રદ

મુંબઈ, તા. 24: ભારતના ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI )એ ગેરમાર્ગે દોરતી જાહેરાતો, ખોટા દાવાઓ અને લેબલિંગ ઉલ્લંઘન માટે ખાદ્ય અને પીણા કંપનીઓને 150 થી વધુ નોટિસ ફટકારી છે, જેના કારણે દેશની કેટલીક સૌથી મોટી ગ્રાહક બ્રાન્ડ્સ તપાસ હેઠળ આવી ગઈ છે.

FSSAI એ નેસ્લે ઈન્ડિયા, પેપ્સિકો, મોન્ડેલેઝ ઈન્ડિયા, કોકા-કોલા ઈન્ડિયા, ડેનોન ઈન્ડિયા, ફેરેરો ઈન્ડિયા, ડિયાજિયો, પેર્નોડ રિકાર્ડ અને એનર્જી-ડ્રિંક ઉત્પાદકો રેડ બુલ, મોન્સ્ટર અને હેલ એનર્જી સહિતની કંપનીઓને નોટિસ ફટકારી છે.

નિયમનકારે ખાદ્ય સુરક્ષા અને ધોરણોના નિયમોનું પાલન ન કરવા બદલ ઉત્પાદનો પણ જપ્ત કર્યા અને ફ્લિપકાર્ટ મિનિટ્સ અને એમેઝોન નાઉ સહિત ક્વિક-કોમર્સ પ્લેટફોર્મને 12 નોટિસ જારી કરી. FSSAI ડેટા અનુસાર, એમેઝોન વેરહાઉસનું લાઈસન્સ પણ રદ કરવામાં આવ્યું છે.

ફૂડ-સર્વિસ ઓપરેટરો પણ નિયમનકારના નજર હેઠળ આવ્યા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | રૂા. | ૭૫/૩૬ ’’ | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ ’’ | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ ’’ | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૮૭૧૦ |
| તેજાબી સોનું | ૧૬૮૬૨૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૬૦૨૭૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૫૩૩૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૮૭૧૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૪૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૬૧૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૭૧૦૦ |
| એમ-૩૦ | ૭૦૦૦ |
| એસ-૩૦ | ૬૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૬૯૦૦ |
| એસ-૩૦ | ૬૮૦૦ |

# ઇઝરાયેલ અને તુર્કી વચ્ચેના તણાવે અમેરિકાને મુશ્કેલ સ્થિતિમાં મૂકી દીધું છે



ઇરાન-અમેરિકા વચ્ચેના યુદ્ધનો હાલ પૂરતો અંત આવ્યા પછી ઇઝરાયેલ અને તુર્કી વચ્ચે યુદ્ધની સંભાવના પેદા થઈ છે. ઇઝરાયલે ઉત્તર-પશ્ચિમ સીરિયાના અબુ અલ-દુહુર એરબેઝ પર બોમ્બમારો કર્યા પછી સીરિયા દ્વારા તુર્કીને એરપોર્ટ પર સૈનિકો તૈનાત કરવાની મંજૂરી આપવાને કારણે ઇઝરાયેલ અને તુર્કી વચ્ચે તણાવ વધ્યો છે. ઇઝરાયેલે ચેતવણી આપી છે કે સીરિયામાં તુર્કીની લશ્કરી હાજરી ઇઝરાયેલ માટે ખતરો ઊભો કરશે, જે ઇઝરાયેલ અને સીરિયા વચ્ચેના સુરક્ષા કરારનું ઉલ્લંઘન કરશે. મધ્ય-પૂર્વમાં તણાવમાં ખતરનાક વધારો થવા અંગે ચિંતિત ૧૨ મુસ્લિમ દેશોએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને સીરિયાના અબુ અલ-દુહુર એરબેઝ પર ઇઝરાયલી હવાઈ હુમલાઓની નિંદા કરી છે અને ચેતવણી આપી છે કે આવી લશ્કરી કામગીરીથી પ્રદેશમાં અસ્થિરતા વધવાનું જોખમ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલાઓ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. ઇઝરાયેલને ૧૯૭૪ના ઇઝરાયલ-સીરિયા કરારનું સંપૂર્ણ સન્માન કરવાની, સીરિયામાં તેના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાંથી તેનાં દળો પાછાં ખેંચવાની અને તણાવને વધારી શકે તેવાં પગલાંથી દૂર રહેવાની ભલામણ કરવામાં આવી છે.

તુર્કીએ કહ્યું છે કે તે ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ધરપકડ માટે રેડ કોર્નર નોટિસ જારી કરવા ઇન્ટરપોલને વિનંતી કરશે. બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે આનો જવાબ આપતાં અનેક આરોપો લગાવ્યા છે અને કહ્યું છે કે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન યહૂદી વિરોધી છે. ગાઝા પર ઇઝરાયેલના હુમલા બાદ એર્દોગને નેતન્યાહૂને યુદ્ધ ગુનેગાર ગણાવ્યા હતા અને તેમના પર કાર્યવાહીની માંગણી કરી હતી. શુક્રવારે તુર્કીએ ફરી એક વાર ગાઝા સંબંધિત કેસમાં નેતન્યાહૂની ધરપકડ કરવાની માંગણી કરી હતી. સીરિયન ટી.વી. અનુસાર મંગળવારે ઉત્તર સીરિયાના અબુ અલ-દુહુર એરબેઝના રન વે અને સ્ટોરેજ સેન્ટર પર ઇઝરાયેલ દ્વારા આઠ હવાઈ હુમલાઓ કરવામાં આવ્યા હતા. સીરિયા અને તુર્કીએ હુમલાઓ માટે ઇઝરાયલી સૈન્યને દોષી ઠેરવ્યું હતું અને બંનેએ કહ્યું હતું કે આવા હુમલાઓ આ ક્ષેત્રમાં તણાવ વધારી શકે છે. ઇઝરાયેલે સીરિયા પર તુર્કી સૈનિકોને એરબેઝ પર તૈનાત રહેવા દેવાનો આરોપ લગાવ્યો હતો.

પરિસ્થિતિ એટલી ગંભીર છે કે ઇઝરાયલ અને તુર્કી વચ્ચે યુદ્ધની શક્યતાને નકારી શકાતી નથી. તુર્કી નાટોનો સભ્ય છે. આનાથી પ્રશ્ન ઊભો થાય છે કે જો મધ્ય પૂર્વની બે સૌથી શક્તિશાળી સેનાઓ એકબીજા પર હુમલો કરે તો શું થશે? જો ઇઝરાયેલ તુર્કીની ધરતી પર સીધો હુમલો કરે, તો તુર્કી નાટોના અનુચ્છેદ ૫ હેઠળ સામુહિક સુરક્ષાનો ઉપયોગ કરવા માટે મજબૂત આધાર મેળવી શકે છે. આવી સ્થિતિમાં, શું નાટો તેના સભ્ય તુર્કીને બચાવવા માટે અમેરિકાના સૌથી નજીકના સાથી ઇઝરાયેલ સાથે યુદ્ધ કરવાની હિંમત કરશે? આ પ્રશ્ન મહત્ત્વપૂર્ણ છે, કારણ કે સીરિયા પર ઇઝરાયલ અને તુર્કી વચ્ચેનો સંઘર્ષ નિર્ણાયક સ્તરે પહોંચી ગયો છે. ૧૮ ઓગસ્ટના રોજ ઇઝરાયલે ઉત્તર-પશ્ચિમ સીરિયામાં અબુ અલ-દુહુર એર બેઝ પર હુમલો કર્યો હતો. ઇઝરાયલે દાવો કર્યો હતો કે તેણે તુર્કી લશ્કરી તૈનાતીને રોકવા માટે આ કાર્યવાહી કરી છે. તુર્કીએ આ હુમલાની નિંદા કરી, જ્યારે સીરિયન સરકારે ત્યાં તુર્કી બેઝ બનાવવાની યોજના હોવાનો ઇનકાર કર્યો છે.

આ વિવાદ સીરિયાના ભવિષ્ય પર સંઘર્ષને પ્રતિબિંબિત કરે છે. તુર્કી સીરિયન રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાના સૌથી મહત્ત્વપૂર્ણ સમર્થકોમાંનું એક છે. તે સીરિયાને તેની લશ્કરી તાકાત બનાવવામાં મદદ કરી રહ્યું છે. દરમિયાન, ઇઝરાયેલ તેની સરહદની નજીક કોઈ પણ લશ્કરી માળખાના નિર્માણને રોકવા માટે પ્રતિબદ્ધ છે, જેને તે ખતરો માને છે. આ નોંધપાત્ર જોખમ ઊભું કરે છે. ઇઝરાયલ કોઈ પણ સ્થાન પર હુમલો કરી શકે છે, જ્યાં તુર્કીનાં સૈનિકો, સાધનો અથવા વિમાનો હાજર હોય. આનાથી તુર્કી અને ઇઝરાયેલ વચ્ચે લશ્કરી સંઘર્ષની શક્યતા વધી ગઈ છે.

ટુંઘ પોઇન્ટ ■ સંજય વોરા ■

નાટોની કલમ ૫ જણાવે છે કે એક નાટો સભ્ય પર સશસ્ત્ર હુમલો એ બધા સભ્યો પર હુમલો માનવામાં આવે છે. તુર્કી ૧૯૫૨માં નાટોમાં જોડાયું હતું અને તે નાટોની કલમ ૫ હેઠળ સ્પષ્ટ રીતે સુરક્ષિત છે. જો કે, આ કરારમાં ભૌગોલિક સ્થિતિ મહત્ત્વપૂર્ણ છે. કલમ ૬ જણાવે છે કે સામુહિક સુરક્ષા ગેરંટી તુર્કીના પ્રદેશ તેમજ ભૂમધ્ય સમુદ્ર સહિત નિયુક્ત વિસ્તારોમાં તૈનાત સાથી દળો, જહાજો અને વિમાનોને લાગુ પડે છે. સીરિયાની અંદર તૈનાત તુર્કી દળો તે ભૌગોલિક ક્ષેત્રમાં સરળતાથી ફિટ થતાં નથી, કારણ કે સીરિયા પોતે નાટો ક્ષેત્રની બહાર છે. તેથી, જો સીરિયામાં ઇઝરાયલી હુમલામાં તુર્કી સૈનિકો માર્યા જાય છે, તો તેને નાટો પરનો હુમલો ગણી શકાય નહીં.

નાટો સંધિમાં ભૂમધ્ય સમુદ્રમાં સાથી જહાજો અને વિમાનોનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જો તુર્કીના યુદ્ધ જહાજ અથવા લશ્કરી વિમાન પર હુમલો કરવામાં આવે છે, તો તુર્કી પાસે કલમ ૫ હેઠળ રક્ષણ મેળવવા માટે મજબૂત દલીલ હશે.

કલમ ૫ નો અર્થ એ નથી કે નાટો આપમેળે ઇઝરાયેલ પર હુમલો કરશે. જો કલમ ૫ લાગુ કરવામાં આવે તો પણ, નાટો ઇઝરાયેલ સામે સીધા યુદ્ધની ઘોષણા કરશે નહીં. નાટો સંધિ દરેક સભ્ય રાષ્ટ્રે હુમલો કરાયેલા મિત્ર રાષ્ટ્રને સહાય પૂરી પાડવાની ફરજ પાડે છે, પરંતુ સંધિ દરેક દેશને નક્કી કરવાની સ્વતંત્રતા આપે છે કે તે કઈ કાર્યવાહી જરૂરી માને છે.

તુર્કીમાં અમેરિકાના રાજદૂત ટોમ બરાકે આ હુમલાઓને તણાવમાં બિનજરૂરી વધારો કરનારા ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આ હુમલાઓ પ્રાદેશિક સ્થિરતાને આગળ વધારતા નથી. ઇઝરાયેલ અમેરિકાનો નજીકનો સાથી છે અને તુર્કી નાટોનો સભ્ય છે. જો તણાવ વધશે તો અમેરિકા માટે ખુલ્લેઆમ ઇઝરાયેલનો પક્ષ લેવાનું મુશ્કેલ બનશે. સીરિયા એક આરબ દેશ છે જે બંને દેશો સાથે સરહદો ધરાવે છે. રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાના સાથી તરીકે સીરિયામાં તુર્કીના વધતા પ્રભાવે ૨૦૨૪ માં બશર અલ-અસદને સત્તા પરથી દૂર કર્યા પછી ઇઝરાયેલની ચિંતા વધારી છે. નાટો સભ્ય તુર્કી સીરિયા સાથે લગભગ ૯૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે.

સીરિયાની સરહદ એક બાજુ તુર્કીનો તો બીજી બાજુ ઇઝરાયેલનો સ્પર્શ કરે છે. સીરિયાના ૧૩ વર્ષના ગૃહયુદ્ધમાં તુર્કી એક મુખ્ય ખેલાડી હતું. તેણે અસદ વિરોધી બળવાખોરોને ટેકો આપ્યો હતો અને કુર્દિશ જૂથોનો સામનો કરવા માટે સીરિયામાં સૈનિકો મોકલ્યા હતા. તુર્કી આ કુર્દિશ જૂથોને તેની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો માને છે. ઇઝરાયેલ કહે છે કે તે સીરિયાના નવા શાસકોની ઉગ્રવાદી પૃષ્ઠભૂમિ અંગે ચિંતિત છે. ૨૭ ઓક્ટોબરે ઇઝરાયેલમાં યોજાનારી ચૂંટણી પહેલાં સીરિયા અંગે ઇઝરાયેલની સુરક્ષા ચિંતાઓ ચૂંટણીના મુખ્ય મુદ્દાઓમાંની એક છે. વર્તમાન ઓપિનિયન પોલ સૂચવે છે કે ઇઝરાયેલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ ચૂંટણી હારી શકે છે, કારણ કે હમાસના નેતૃત્વ હેઠળના હુમલાઓને પગલે તેમની સ્થિતિ નબળી પડી છે.

સીરિયામાં ચાલી રહેલા પુનર્નિર્માણ પ્રયાસો વચ્ચે સીરિયાએ ઇઝરાયેલ સાથેનો તણાવ ઓછો કરવા માટે રાજદ્વારી પ્રયાસો ઝડપી બનાવ્યા છે. સીરિયાના વચગાળાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાએ જણાવ્યું હતું કે તેઓ ઘણા મધ્યસ્થીઓની ભાગીદારીથી ઇઝરાયેલ સાથે સુરક્ષા કરાર કરી રહ્યા છે. સીરિયાને આશા છે કે ઇઝરાયેલ સાથેની સુરક્ષા ગેરંટી પદ્ધતિ ભવિષ્યમાં બંને દેશો વચ્ચે વ્યાપક શાંતિ કરાર તરફ આગળ વધવાનું એક પગથિયું બની શકે છે.

ઇઝરાયેલની આક્રમક કાર્યવાહી અમેરિકા સાથેનાં તેનાં જોડાણ માટે એક નવો પડકાર ઊભો કરે છે. સીરિયા માટે અમેરિકાના ખાસ દૂત થોમસ બેરાકે ચેતવણી આપી છે કે ઇઝરાયેલી લશ્કરી કાર્યવાહી તુર્કીને સીરિયામાં તેની લશ્કરી હાજરી વધારવા માટે ઉશ્કેરી શકે છે અને સીરિયામાં અમેરિકાના બે સાથીઓ વચ્ચે સીધા યુદ્ધનું જોખમ વધારી શકે છે. તુર્કીને હુમલાઓ વિશે અગાઉથી જાણ કરવામાં આવી ન હતી, જેના કારણે તુર્કી ઇઝરાયેલ સામે બદલો લેવા માટે હુમલા કરે તેવું જોખમ ઊભું થયું છે.

આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોના મતે, બે સાથી દેશો વચ્ચે લશ્કરી સંઘર્ષ તરફ દોરી જતી ઘટનાઓ અથવા ખોટી ગણતરીઓના જોખમને રોકવા માટે અમેરિકાએ ઇઝરાયેલ, સીરિયા અને તુર્કી વચ્ચેનો સંઘર્ષ ટાળવાની જરૂર છે, જેમાં હાલની પ્રાથમિકતા તણાવ ઓછો કરવાની અને મતભેદોને વધુ કાળજીપૂર્વક સંભાળવા માટે પરિસ્થિતિ બનાવવાની છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**જો ઇઝરાયેલ તુર્કીની ધરતી પર સીધો હુમલો કરે, તો તુર્કી નાટોના સભ્ય તરીકે નાટો સંધિના અનુચ્છેદ ૫ હેઠળ સામુહિક સુરક્ષાનો ઉપયોગ કરવા માટે મજબૂત આધાર મેળવી શકે છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**વેલ્ડીંગ કામના**
અનુભવી માણસો જોઈએ છે, ઘોડદોડ રોડ સુરત 6353685196, 9081165199

**અડાજણમાં**
આંખ/દાંતની હોસ્પિટલ માટે સ્ટાફ/ માસી/ નર્સની જરૂર. 9099655618 ,6352705220

**(1) જોઈએ છે.**
સેલ્સમેન/ સેલ્સગર્લ. ઉજ્જવળ કારકિર્દી માટે બેસ્ટ ઓપોરચ્યુનિટી, બાયોડેટા અને ફોટા સાથે આજે જ એપ્લાય કરો. ખુશાલભાઈ જ્વેલર્સ સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. Mo. 8160859341 (276)

**પ્રિન્ટિંગના મશીન**
કામ માટે માણસો જોઈએ છે કોમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર (20થી 25 વર્ષ) ઘોડદોડ રોડ, સુરત, 6353685196 - 9081165199

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
દિવાળીના પ્રવાસો, કાશ્મીર- દિવસ- ૭, RS:- 18,999/- દાર્જીલીંગ, ગેંગટોક, પેલીંગ દિવસ- ૭, Rs- 20,999/- (પેકેજ માટે મળો) Mo- 9427803273/ 9825142005 (બુકીંગની છેલ્લી તારીખ- 16/09/2026)

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ. દિવાળી પ્રવાસો, તારીખ- 11/11/2026, (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિબાલાજી, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી. દિવસ- 13/14. (2) દક્ષિણ ભારત કેરેલા સાથે, દિવસ- 18. (3) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેગટોક, નેપાળ. દિવસ- 18/19, અને દિવસ- 12 (4) બનારસ , અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, દિવસ- 12. દરેક પ્રવાસો સંપુર્ણ સગવડતા સહિત. ચા-નાસ્તો, બે ટાઈમ ભોજન, મળો- દિપકભાઈ બોડીવાલા- 9825144143, કીશનભાઈ- 9898700934

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ. ચારધામ યાત્રા- બદ્રીનાથ, કેદારનાથ, યન્મોત્રી, ગંગૌત્રી, હરિદ્વાર (49મો પ્રવાસ), તારીખ- 09/09, 10/10, દિવસ- 15/16. (ચોક્કસ ઉપડશે) સંપૂર્ણ સગવડતા સહિત. મળો- દિપકભાઈ બોડીવાલા- 9825144143, કીશનભાઈ- 9898700934

વાહન લે-વેચ

**જુના વાહનો વેચવા**
માટે સંપર્ક કરો બાઈક, સ્કૂટી, કાર, ટેમ્પો, રિક્ષા જૂની બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. 6351459536, 6358258722

મિલ્કત ભાડેથી

**રહેઠાણ, ગોડાઉન**
લાયક જગ્યા ભાડે આપવાની છેઃ ગ્રા.ફ. ઉધના દરવાજા પાસે ખટોદરા કોલોની 9586264064

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા કણજા. MO: 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ તેના MO. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે નેત્રંગ Mo: 9687580001

મિલ્કત વેચવાની છે

**વેચવાની છે**
હોસ્પિટલ લાયક જગ્યા અડાજણ, પ્રાઈમ લોકેશનમાં 1355 સ્કેવર ફૂટ સુપર બિલ્ટઅપ એરિયા સંપર્ક. 9998223062

**અડાજણમા**
ઉત્તરમુખી ગાળા ટાઈપ ઉતારવાનુ મકાન માત્ર 41 લાખમાં વેચવાનું છે. 9374535403 (277)

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.